# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– આત્માને પ્રાપ્ત કરવા કેવી જાતની ઉગ્રતા જોઈએ ?

સમાધાન :– સ્વરૂપ ગ્રહણની ઉગ્રતા જોઈએ. ક્યાંય ચેન ન પડે, વિકલ્પની જાળમાં પણ ચેન ન પડે, ક્યાંય સુખ લાગે નહિ–એટલી અંતરમાં ઉગ્રતા હોવી જોઈએ. મને આ ભાવમાં બહુ આનંદ આવે છે, બહુ રસ પડે છે, તેવું થાય તે બધો વિકલ્પ જ છે, વિકલ્પનો જ આનંદ છે. આનંદ તો ચૈતન્યદ્રવ્યના અસ્તિત્વમાંથી આવવો જોઈએ, તે સહજ આનંદ છે. જ્યાં બધા વિકલ્પ છૂટી જાય છે ત્યાં સહજ આનંદ પ્રગટે છે. જે અંતરમાંથી છૂટો પડી જાય છે તેને સહજ આનંદ આવે છે, તેને કોઈ કૃત્રિમતા આવતી નથી કે મને બહુ આનંદ આવ્યો. તેમ જ આનંદ ઉપર પણ તેની દૃષ્ટિ હોતી નથી.

પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, તેને સહજ આનંદ અંતરમાંથી પ્રગટે છે. વિકલ્પ કરીને આનંદ વેદવો પડતો નથી. વિકલ્પની દિશા છે તે દિશા આખી પલટીને વિકલ્પથી છૂટો પડે તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

ક્ષણે ક્ષણે વિકલ્પથી જુદો છું એવું ભેદજ્ઞાન પહેલાં થવું જોઈએ. જ્ઞાયકની ધારા પહેલાં થાય તો નિર્વિકલ્પ દશા આવે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૩)**

❈

પ્રશ્ન :– દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મ એ ત્રણેથી એક સાથે જુદો પડે ?

સમાધાન :– અંતરમાં વિભાવ સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે ત્યાં બધા પરપદાર્થ સાથે પણ એકત્વબુદ્ધિ છે. આમ સ્થૂલ રીતે બધાથી એકત્વ માનતો નથી, પણ એક પણ પરપદાર્થ કે વિભાવ સાથે જેને એકત્વબુદ્ધિ છે તેને બધા સાથે એકત્વબુદ્ધિ છે જ, તે જુદો પડ્યો નથી. દ્રવ્યકર્મના નિમિત્તે ભાવકર્મરૂપે પોતે પરિણમે છે, પણ તે પોતાનો સ્વભાવ નથી. દ્રવ્યદૃષ્ટિથી જોવે તો વિભાવ પણ પોતાથી જુદો છે. છતાં તેની સાથે જેને એકત્વબુદ્ધિ છે તે પર તરફ દૃષ્ટિ કરીને ઊભો છે.



કોઈને એમ લાગે કે હું બધાથી જુદો પડ્યો છું. અને માત્ર વિભાવ સાથે એકત્વબુદ્ધિ છે, એટલું જ બાકી રહ્યું છે. પણ જો તે એક વિભાવમાં પણ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે તો તેને બધા સાથે એકત્વબુદ્ધિ ઊભી જ છે. અને જ્યારે વિભાવથી છૂટે છે ત્યારે બધાથી છૂટી જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૪)**

❈

પ્રશ્ન :– આપનું કહેવું છે કે વિભાવભાવમાં દૃષ્ટિ છે ત્યાં સુધી પરમાં જ દૃષ્ટિ રહેલી છે ?

સમાધાન :– હા, પર તરફ દૃષ્ટિ રહેલી છે, તેની દૃષ્ટિની દિશા જ પર તરફ છે. દૃષ્ટિની દિશા સ્વ તરફ આવી જ નથી; સ્વને ગ્રહણ કર્યું જ નથી, તેણે દૃષ્ટિની દિશા બદલાવી નથી. અને દૃષ્ટિની દિશા જો પર તરફ છે તો તેમાં બધા પર આવી જાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૪૫)**

❈

પ્રશ્ન :– પરપદાર્થ મારા નથી એમ વિચારીને નક્કી તો કર્યું છે. છતાં તેને પરપદાર્થથી સાચું ભેદજ્ઞાન કેમ થતું નથી ?

સમાધાન :– આ બધાં ઘર-મકાન-કુટુંબ આદિ મારાં નથી. એવો વૈરાગ્ય તો જીવે ઘણીવાર કર્યો છે તથા શરીર આદિ બધા પરપદાર્થ મારા નથી, તે પર છે એમ પણ વિચાર કર્યો છે તે વિચાર કરીને જુદો પડે છે, પણ તેની પરિણતિ પર સાથે એકત્વ થઈ રહી છે ત્યાં સુધી એકત્વબુદ્ધિ ઊભી જ છે, અને વિકલ્પ સાથે એકત્વબુદ્ધિ છે તો બધા સાથે પણ એકત્વબુદ્ધિ છે. તેને શરીરમાં કાંઈ થાય તો તે વિચાર કરે કે શરીરથી હું જુદો છું, જુદો છું. પણ સહજ ભેદજ્ઞાન રહેવું જોઈએ તે રહેતું નથી. માટે વિચારથી જુદો પડે છે, પણ વાસ્તવિક ભેદજ્ઞાનની પરિણતિ તેને નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૩૪૬)**

❈

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૯૨ વર્ષ - ૧૭ : સપ્ટેમ્બર–૨૦૧૩

**ભાદરવા વદ ૧૧, બુધવાર તા.૨૭-૦૯-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત–૨૭૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૦૨**

**જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે. ૨૭૧.**



૨૭૧. (એક મુનિનો) પત્ર આવ્યો છે. વ્યાખ્યાન પછી વાંચવા જેવો છે. 'જાલના'માં છે ને ? ચોમાસુ. ઘણીવાર આવે છે ને ? આપણે એને પુસ્તક મોકલ્યા છે. હજી એને પહોંચ્યા નથી. એનો કાગળ (આવ્યો છે એમાં) બહુ પ્રમોદ બતાવ્યો છે. કાગળ છે કે હું ક્યારે ત્યાં આવું ? આહા..હા..! એવી વાતું. વીસ વર્ષ.. આ સાહિત્ય વાંચીને મને જે આનંદ આવ્યો એવો ક્યાંય કોઈ આવ્યો નથી. વીસ વર્ષની દીક્ષા છે. દિગંબર. બાપુ ! આ માર્ગ જુદા, ભાઈ ! આહા..હા..! વ્યાખ્યાન પછી. કાગળ અહીં છે. પછી વાંચજો.

અહીંયાં કહે છે, જુઓ ! **'જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં.'** સિદ્ધાંત. જેનો તન્મયપણે રસ હોય અર્થાત્ જેની જરૂરિયાત જણાય ત્યાં લગન લાગ્યા વિના રહે નહિ. જેને... આહા..હા..! **'જેનો જેને તન્મયપણે રસ હોય...'** આહા..હા..! **'તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી.'** આહા..હા..! **'ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે,...'** આહા..હા..! નામ કરે એનું મંગળદાસ. મંગળદાસ ! તો કહે હં. હંકાર કરે. આ તો માટી-ધૂળ છે. આહા..હા..! જડની પર્યાય છે. આહા..હા..! એકવાર વીંછીના ડંખપણે આ રજકણે પરિણમન કર્યું હતું, એ પરિણમન અત્યારે જડની પર્યાયપણે આ છે. આહા..હા..! પણ એને પોતાનું માન્યું છે તો ઊંઘમાં પણ કોઈ બોલાવો તો કહે હા. આહા..હા..! **'કારણ કે શરીર સાથે તન્મયપણાની**

**માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**' આહા..હા..! બાહ્ય આ દેહ હું છું, અંતર હું ચીજ આનંદકંદ છું. એની તો ખબર નથી. એના તરફની દૃષ્ટિ નથી, રુચિ નથી, તન્મયતા નથી. આહા..હા..! આ વાત છે. '**તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**' આહા..હા..! શરીરની સુંદરતા, નમણાઈ દેખતા એમ લાગે કે આ હું છું. અને પરના શરીરની સુંદરતા જોઈને એ જ આત્મા છે એમ (લાગે છે). આહા..હા..! એવો તન્મયપણાનો અનાદિથી અભ્યાસ છે.

'**અનભ્યસ્ત...**' ભગવાન આત્મા અનભ્યસ્ત છે. '**જ્ઞાયકની અંદર જવા માટે...**' આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદ્‌બિંબ સચ્ચિદાનંદ પ્રભુ ! શાશ્વત અંદર ધ્રુવ ચીજ છે. આહા..હા..! એક સમયની વર્તમાન જે પર્યાય છે, એની સમીપમાં ભગવાન પડ્યો છે. પણ નજર એ બાજુ નથી. આહા..હા..! '**અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે,...**' આહા..હા..! જ્ઞાનમાં ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. સ્વને પકડી શકે એવી જ્ઞાનધારા સૂક્ષ્મ કરવી પડે છે. અરે..! ભવભ્રમણ કરી કરીને... આમાં આવ્યું ને ? ભવભ્રમણ કરીને તને એટલું દુઃખ થયું. જ્ઞાનીને... આહા..હા..! અરે..! ભાઈ ! તું કોનામાં રાજી થઈને રોકાઈ ગયો ? આહા..હા..! એ ભવભ્રમણનું કારણ, રાગ, શરીર મારું, રાગ મારો... આહા..હા..! એમાં રોકાયો છે, પ્રભુ ! અનંત ભવ પરિભ્રમણનું એ કારણ છે. આહા..હા..! એમાં તારી તન્મયતા છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, (એના) અનભ્યસ્તને કારણે... આહા..હા..! '**સૂક્ષ્મ થવું પડે છે,...**' પરથી ભિન્ન, રાગથી ભિન્ન, પોતાના જ્ઞાયક સ્વભાવથી અભિન્ન પ્રભુ ! એને પકડવા માટે જ્ઞાનનો વેપાર સૂક્ષ્મ કરવો પડે છે. આહા..હા..! કેમકે પર્યાયની પાસે આખું દ્રવ્ય પડ્યું છે પણ અનાદિથી પર્યાય ઉપરનું વલણ, પર્યાયમૂઢ, એક સમયની ચાલતી પર્યાયમાં એનો વેપાર અનાદિથી છે. આહા..હા..! એ પર્યાય એક સમય ચાલે છે, એ પર્યાયની સમીપમાં ભગવાન ધ્રુવ પડ્યો છે. પણ અનભ્યસ્તને કારણે તેને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગ કરવો પડે છે. આહા..હા..!

ભાઈએ બહુ સારું લખ્યું છે એમાં, કે આ બહેનની વાણી, એક-એક અક્ષર મનન કરવા લાયક છે એમ લખ્યું છે. વીસ વર્ષનો દીક્ષિત છે. મેં વીસ વર્ષથી દીક્ષા લીધી છે, પણ તમારું સાહિત્ય જોઈને મને જે આનંદ થયો છે એવો કદી ક્યાંય થયો નથી. આનંદ એટલે ખુશી, ઓલો આનંદ તો ક્યાં. આહા..હા..! પ્રભુ ! માર્ગ તો આ છે, ભાઈ ! દુનિયાને ઠીક પડે, ન ઠીક પડે. દુષ્કર લાગે, પણ ભગવાન આત્મા, એનું હિત કરવું હોય તો સૂક્ષ્મ ઉપયોગ કરીને અભ્યાસ કરવો પડે. એણે વળી પછી એમ લખ્યું, કે મારું હિત કઈ રીતે થાય એ મને કહો. અરે..! ભાઈ ! સાધુ નગ્ન થયો અને એ ક્રિયા... એ પંચ મહાવ્રતની ક્રિયા પણ ક્યાં સરખી છે ? અત્યારે તો એના માટે બનાવેલો આહાર લે છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાન વિકલ્પની લાગણી વગરની એ ચીજ છે. બહારમાં નગ્ન થવું એ નહિ. અંદર નગ્ન છે. આહા..હા..! શુભ વિકલ્પ જે છે, એનાથી પણ એ ભિન્ન ચીજ છે અને વિકલ્પથી પણ એ જણાતો નથી. આહા..હા..! તેને સૂક્ષ્મ નિર્વિકલ્પ ઉપયોગ કરવો પડે. ભાઈ ! આવી વાત છે, ભાઈ ! દુનિયા માનો ન માનો, દુનિયાની સાથે શું ? આહા..હા..!

શરીરનું લક્ષ છોડીને. લક્ષ નામ તે તરફનો ઉપયોગ. રાગ તરફનું લક્ષ છોડીને, ભગવાન અંદર એક સમયની પર્યાયમાં નીચે છે, પર્યાય ઉપર છે અને ધ્રુવ એ પર્યાયથી નીચે છે. આહા..હા..! તળિયામાં ભગવાન બિરાજે છે. પર્યાય તો દ્રવ્યથી ઉપર તરે છે. ભાઈ ! કળશમાં આવે છે ? છે ને ? પાણીના દળમાં તરંગ ઉપર ઉપર ઉઠે છે. એ તરંગ અંદર પ્રવેશતા નથી. આહા..હા..! એમ વર્તમાન પર્યાય ધ્રુવ દ્રવ્ય ઉપર તરે છે. અંદર પેસી શકતી નથી. એ અંદર પેસી શકતી

નથી પણ એ પર્યાયને સૂક્ષ્મ કરીને દ્રવ્યને પકડી શકે છે. દ્રવ્યમાં પેસી શકતી નથી. સમજાય છે ? આહા..હા..! પર્યાયમાં કાર્ય થાય છે ને ? ધ્રુવ તો કૂટસ્થ વસ્તુ છે. આહા..હા..!

મુમુક્ષુ :– તન્મય થઈને રસ લેવો યોગ્ય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તન્મયનો અર્થ એ બાજુ ઝૂકવું. તન્મયનો અર્થ એ. તન્મયમાં દ્રવ્ય એકમેક થઈ જાય એમ નહિ. ઉપર છે. તન્મયનો અર્થ, જે રાગ અને પરમાં તન્મય છે, માન્યતામાં એકત્વ માન્યું છે. એ માન્યતામાં પરથી ભિન્ન (કરે). તન્મય એટલે એકતા કરી દે. એ તન્મય છે. એકતાની પર્યાય દ્રવ્યમાં એક થઈ જાય છે એમ નહિ.. આહા..હા..! આવી વાત ! સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળી દ્રવ્યને પ્રતીત કરે છે પણ એ પર્યાય દ્રવ્યમાં ઘુસી જતી નથી. આહા..હા..! સૂક્ષ્મ ઉપયોગ છે, એ (સ્વને) પકડે છે પણ સૂક્ષ્મ ઉપયોગની પર્યાય દ્રવ્યમાં એકમેક નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સૂક્ષ્મ થવું પડે છે,...'** આહા..હા..! જ્યાં પ્રભુ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ચૈતન્યબિંબ પડ્યો છે, એને પકડવા સૂક્ષ્મ સૂક્ષ્મ જ્ઞાનનો વેપાર સૂક્ષ્મ કરવો પડે છે. આહા..હા..! **'ધીરા થવું પડે છે,...'** છે ? ધીર.. ધીર... આહા..હા..! ધી–બુદ્ધિ–પર્યાય. ર (અર્થાત્) અંતરમાં પ્રેરે એ ધીર. સમજાણું કાંઈ ? ધીર.. ધી–જ્ઞાનની પર્યાય–બુદ્ધિ. ધી...ર... એ અંદરમાં પ્રેરે. આહા..હા..! એવી ધીર છે. આહા..હા..! દુનિયા પાસે માન લેવું હોય તો આ ચીજ નહિ મળે. આહા..હા..! યશને માટે, નામને માટે પ્રસિદ્ધિ થાય, પ્રભુ ! પ્રસિદ્ધિ તો રાગ છે. આહા..હા..!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે **'ધીર થવું પડે છે,...'** આહા..હા..! વસ્તુ અખંડ આનંદકંદ ધ્રુવ તત્ત્વ જે નિત્ય છે, તેને પર્યાયમાં પકડવા માટે ધીર થવું પડે છે. આહા..હા..! **'ટકવું પડે છે;...'** ધ્યાન જામે છે એમ કહે છે. ધ્યાનમાં મળે છે ને ? આત્મ તત્ત્વનું સમ્યગ્દર્શન ધ્યાનમાં થાય છે. આહા..હા..! જ્ઞાનની પર્યાય ધીરી કરતા ધીર અંદરમાં જવું પડે છે. તો ત્યાં ધ્યાનમાં આવી જાય છે. આહા..હા..! અરે..! આ વાત. અરે..! ભાઈ ! એ વિના તારા જન્મ-મરણ નહિ મટે, બાપુ ! કાગડા, કૂતરાના ભવ... આહા..હા..! કંથવાના ભવ કરી કરીને અનંત ભવ થયા. ભૂલી ગયો, પ્રભુ ! ભૂલી ગયો માટે નહોતું એમ કેમ કહેવાય ? આહા..હા..! એ ભવભ્રમણ ટાળવું હોય તો અંદર ધીર થઈ સૂક્ષ્મ ઉપયોગ કરીને અંદર આત્માને પકડ. અર્થાત્ વર્તમાન જ્ઞાનની પર્યાય ધ્યાનમાં એને ધ્યેય બનાવવું. આવી વાતું છે. જ્ઞાનની પર્યાય ધ્યાન, એમાં વસ્તુ ત્રિકાળીને જ્ઞેય બનાવવી. આવી વાતું છે. આહા..હા..!

**'ટકવું પડે છે;...'** આહા..હા..! **'તે આકરું લાગે છે.'** આહા..હા..! **'બહારના કાર્યોનો અભ્યાસ છે...'** આ કરું... આ કરું.. રાગ કર્યા, પુણ્ય કર્યા, પાપ કર્યા. **'એટલે એ સહેલા લાગે છે.'** બાહ્ય. અનાદિથી રાગ ને પુણ્ય અને પાપના ભાવ, **'બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે એ સહેલા લાગે છે.'** અભ્યાસ છે ને ? આનો અભ્યાસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભેદ અભ્યાસ... આવે છે ને ? ભેદ અભ્યાસ. ૩૧ ગાથામાં. દ્રવ્યેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિયને કઈ રીતે જીતાય ? કે નિર્મળ ભેદજ્ઞાનની પ્રવિણતાથી– એવો પાઠ છે. નિર્મળ ભેદજ્ઞાનની કૌશલ્યતાથી. કૌશલ્ય શબ્દ પડ્યો છે. વ્યાખ્યાન ચાલી ગયું. જે જ્ઞાનમાં પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવા છતાં પણ એ પર્યાય પર તરફનું જ્ઞાન કરે છે, એ મિથ્યા જ્ઞાન છે. (એમાં) સ્વજ્ઞેય ન આવ્યું. આહા..હા..! જે જ્ઞાન અંતરમાં જ્ઞેય બનાવીને આ જ્ઞેય છે એનું જ્ઞાન એમ સમજાવવા માટે કહેવું ન પડે. આ જ્ઞેય છે અને હું જ્ઞાન છું, એવો ભેદ ત્યાં નથી. સમજાવવું કેમ ? આહા..હા..! ઝીણી વાત છે. આહા..હા..!

**'બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે એ સહેલા લાગે છે.'** અભ્યાસ છે એટલે સરળ લાગે છે. કાલે કહ્યું હતું. 'પદ્મનંદિ પંચવિંશતિ'માં લખ્યું છે કે લક્ષ્મી

મળવી, અનુકૂળ શરીર મળવું એ દુર્લભ છે. કેમકે એમાં રાગ કામ નથી કરતો. એ તો પૂર્વનું કર્મ હોય તો મળે. અને ભગવાન આત્માનું મળવું એ સુલભ છે. કેમકે એ તો પોતાની ચીજ છે. એમાં કોઈ રાગ અને કર્મની મદદ મળે તો મળે એવી એ ચીજ નથી. એક બાજુ કહે, સમ્યગ્દર્શન દુર્લભબોધી. બોધીદુર્લભ. એક બાજુ કહે, પરવસ્તુ દુર્લભ. કેમકે પરવસ્તુ મળવી એ પોતાના રાગના પુરુષાર્થથી નથી મળતી. એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે. અને આત્મામાં પોતાને મળવામાં કોઈ પરની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ પોતાની ચીજ છે, પોતાના સૂક્ષ્મ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. એ પોતાના સૂક્ષ્મ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. કોઈ પરની અપેક્ષાએ મળે છે એવી દુર્લભ ચીજ નથી. આહા..હા..! પહેલા એના જ્ઞાનમાં નિર્ધાર તો કરે કે વસ્તુ આ છે. એ વિના બધા થોથા છે. આહા..હા..!

મુમુક્ષુ :– સુલભ છે કે દુર્લભ છે ? બે વાત કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા બે વાત કરી. આ દુર્લભ છે અને આ સુલભ છે. આ દુર્લભ છે અને અનંત વાર સુલભ તરીકે મળી છે. સંપ્રદાયમાં કહેતા હતા. 'ઉત્તરાધ્યયન'નું ચૌદમું અધ્યયન છે. છોકરાઓનું છે. બ્રાહ્મણના દીકરા દીક્ષા લે છે. છે તો કલ્પિત બધું પણ શ્વેતાંબરમાં ઉત્તરાધ્યયનમાં (આવે છે). શ્વેતાંબરમાં ઉત્તરાધ્યયન સૂત્ર છે ને ? એના ચૌદમા અધ્યયનમાં એવું છે. બ્રાહ્મણના છોકરાને જાતિસ્મરણ થાય છે, તો એને દીક્ષિત થવાનો ભાવ થાય છે. અંતર ચારિત્ર. પછી એની માતાને કહે છે, માતા ! 'અજેવધમ્મમ પડિવજ્જયામો જહિં ...' આ તો સંપ્રદાયમાં ચાલતું હતું. 'બોટાદ'માં તો પંદરસો-હજારો માણસો સભામાં. (સંવત) ૧૯૭૭-૭૬. છોકરો કહે છે, માતા ! 'અજૈવ ધમ્મમ પડિવજ્જયામો....' માતા ! હું આત્માનું ચારિત્ર અંગીકાર કરું છું. જનેતા ! હવે બીજો ભવ નહિ કરું. '...' માતા ! જગતમાં અણપામેલી કઈ ચીજ રહી ગઈ છે ? '....' અનંત વાર અનંત ચીજ મળી ગઈ, પ્રભુ ! '...' આહા..હા..! '....' માતા ! જગતની ચીજો અણપામી કઈ રહી ગઈ છે ? સ્વર્ગના ભવ, સુંદર શરીર, વજ્રનારાચ સંઘયણ, એવું અનંતવાર મળ્યું, પ્રભુ ! એ કોઈ અણપામેલી ચીજ નવી નથી. '....' માતા ! શ્રદ્ધા કરીને અમારા પ્રત્યે રાગ છોડી દે. અમે તો વનમાં ચાલ્યા જઈએ છીએ. આહા..! અમારા ભગવાનનું સાધન કરવા જ્યાં માણસનો પગરવ પણ નહિ, માતા ! અમે ત્યાં જઈશું.

આવે છે ને ભાઈ ! ઓલામાં. 'પ્રવચનસાર'માં. રજા લે છે. માતા પાસે રજા લે છે. સ્ત્રી પાસે રજા લે છે. ચરણાનુયોગસૂચક ચૂલિકા. સ્ત્રી પાસે રજા લે છે. મારો નાથ મારી પાસે છે. હું તો આનંદકંદ છું. મને ભાન થયું છે. હે સ્ત્રી ! આ શરીરને રમાડનારી તું, હોં ! મને રમાડનારી નહિ. આહા..હા..! હું મારી અનાદિની અનુભૂતિ.. એ અનુભૂતિ ત્રિકાળ સ્વભાવ, હોં ! મારો અનુભવ ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ ચૈતન્ય છું. એની પાસે જાવ છું. સમજાણું કાંઈ ? આહા..હા..! હે સ્ત્રી ! સુંદર સ્ત્રી હોય, ચક્રવર્તીની સ્ત્રી હોય, ચક્રવર્તીના છોકરાની સ્ત્રી હોય. આહા..હા..! પણ હું તો હવે હે સ્ત્રી ! આ શરીરને રમાડવામાં (તું સાથ આપે છે) આહા..હા..! મારો આત્મા મારી અનુભૂતિ જે ત્રિકાળ છે... આહા..હા..! એની પાસે જાવ છું. સ્ત્રી ! મારી પ્રત્યેનો રાગ છોડી દે. હું રાગથી મરી ગયો છું. તારા પ્રત્યેના રાગથી મરી ગયો છું. એને તું જીવીત નહિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીંયાં કહે છે, **'બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.'** આહા..હા..! જ્યારે પણ કરવું પડશે ત્યારે પ્રભુ ! તારે જ અંતરમાં જવાનો પ્રયત્ન કરવો પડશે. બીજો કોઈ ઉપાય નથી. કેમકે જ્યાં અંતર આત્મા ભગવાન બિરાજે છે, ત્યાં આગળ દૃષ્ટિ લઈ જવી. આ દૃષ્ટિ જે બહારમાં ભમે છે... આહા..હા..! વ્યભિચારીણી

દૃષ્ટિ રાગાદિ નિમિત્તના સંગે ચડે છે. વ્યભિચાર નથી આવતું ? નિર્જરા અધિકારમાં આવે છે. વ્યભિચાર. અનેકપણું વ્યભિચારપણું. ૨૦૩ ગાથા. નિર્જરા અધિકાર. આહા..હા..! એ રાગની ક્રિયાના પરિણમનની એકતાબુદ્ધિ એ વ્યભિચાર છે. આહા..હા..! મારી અનુભૂતિ... આ અનુભૂતિ કોણ ? ત્રિકાળ સ્વભાવ, હોં ! ૭૩ ગાથામાં આવે છે ને ? 'સમયસાર'ની ૭૩ ગાથા છે. રાગથી તો હું ભિન્ન છું, પણ પર્યાયમાં ષટ્કારકનું નિર્મળ પરિણમન થાય છે. શરીર-રાગથી તો ભિન્ન છું, પણ પર્યાયમાં ષટ્કારકનું સ્વતંત્ર (પરિણમન થાય છે). પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય અધિકરણ. એક સમયની પર્યાય જે નિર્મળ છે એનું જે ષટ્કારકરૂપે પરિણમન છે, એનાથી મારી અનુભૂતિ ભિન્ન છે. આહા..હા..! અનુભૂતિનો અર્થ દ્રવ્ય. આહા..હા..! આવી વાતું છે.

પર્યાયમાં તે સમયે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય અને નિર્મળ પર્યાય કર્તા, નિર્મળ પર્યાય તે પર્યાયનું કાર્ય, પર્યાયનું કાર્ય. એ પર્યાયનું કર્મ, પર્યાયનું સંપ્રદાન–થઈને પોતામાં રહી. અપાદાન પર્યાયથી પર્યાય થઈ, પર્યાય અધિકરણ, પર્યાયનો આધાર પર્યાય. હું દ્રવ્ય-ગુણ નહિ. આહા..હા..! એવો મારો ભગવાન, અનુભૂતિ સ્વભાવરૂપ ત્રિકાળ, એ હું છું. સમજાણું કાંઈ ? આહા..હા..! ભાઈ ! સત્ય માર્ગ સાંભળવા મળે કઠણ છે, ભાઈ ! અરે..! શું થાય ? ધર્મને બહાને પણ છેતરાઈને ચાલ્યા ગયા છે. આહા..હા..!

ભગવાન આત્મા... આહા..હા..! દુઃખની પર્યાયથી તો હું ભિન્ન છું. એય..! પણ આનંદની પર્યાય જે પર્યાયમાં થાય છે એનાથી પણ હું અનુભૂતિ વસ્તુ તો ભિન્ન છું. પર્યાયમાં મારું દ્રવ્ય કદી એકમેક નથી થયું. આહા..હા..! આવી વાતું છે. અરે..! આહા..હા..!

મીરાંબાઈનું નાટક જોવા એક ફેરી ગયેલા. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલની વાત છે. ત્યાં 'પાલેજ'માં તો અમે સ્થાનકવાસી ખરાને એટલે વળી ઘર મોટું, ત્રીસ માણસ અને સાધુ-બાધુ આવે તો અમારે સંભાળ કરવી પડે. સ્થાનકવાસી સાધુ આવે. ભરૂચ ગયા હતા. હું અને ભાઈ બે હતા. ભાઈ છે ને ? આનો બાપ. અત્યારે ભાઈ પાસે ૮૦ લાખ રૂપિયા છે. ત્યાં બે ગયા પછી સાધુનો પત્તો તો મળ્યો. 'ભરૂચ'ના સ્ટેશન સામે ધર્મશાળા છે. ગામમાં તપાસ કરી, ત્યાં જતા હતા ત્યાં અમને મળ્યા. હવે વખત હતો. રાત્રે મીરાંબાઈનું નાટક હતું. મીરાંબાઈનું નાટક.

એ મીરાંબાઈ જ્યારે રાણાને કહે છે. રાણો કહે છે, હે મીરા ! તું મારા મહેલમાં આવ. તને હું પટરાણી બનાવીશ. આહા..હા..! એવા તો નાટક હતા. મીરાંબાઈ કહે છે, એક જાતની ઈશ્વરની ભક્તિ, એ અપેક્ષાએ. એ ચીજ તો બીજી. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ. હું સાધુડાને સંગે રાણા ઘેલી થઈ.' હું પાગલ થઈ ગઈ છું હવે. તારા કામની નથી અને તારા મહેલમાં આવી શકીશ નહિ. આહા..હા..! એવું નાટકમાં, હોં ! ભાઈ ! બધું જોતા ને અમે તો ચોપડી રાખતા. નાટકના પૈસા તો આપતા પણ (ચોપડી પણ લેતા). ભાઈ ! તમે શું બોલો એ સમજ્યા વિના અમે ન બેસીએ. તમારી ચોપડી લાવો. એમાં આ આવ્યું. આહા..હા..! મીરાંબાઈ તરીકે ત્યાં હોય તો આદમી જ, પણ એવું બોલે. રાણો કહે કે હે મીરાં ! છે ને મીરાંબાઈનું ઓલું. ત્યાં એક ફેરી ગયા હતા. મારા મહેલમાં આવ. રાણા ! હું તો સાધુના સંગે ઘેલી થઈ છું, હું તો પાગલ થઈ ગઈ છું. મારી ઈશ્વરભક્તિમાં પાગલ થઈ ગઈ છું. એમ અહીં આત્મા નામ ઈશ્વર નામ ભગવાન આત્માની ભક્તિમાં પાગલ, એ કોઈના કામનો રહ્યો નહિ. આવી વાત છે, પ્રભુ ! આહા..હા..!

અહીં એ કહે છે, **'જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.'** એ ભગવાનને પકડવો એ તારું કામ છે. બીજા કોઈ મદદ કરે, ગુરુની કૃપા થઈ જાય (એવું છે નહિ). આહા..હા..! એ ૨૭૧ બોલ થયો.



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર બોલ-૬૩૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન તા.૧૫-૦૭-૧૯૮૪, પ્રવચન નં. ૩૬૬

**વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. સંયોગના કારણે કોઈ દુઃખી-સુખી નથી. ૬૩૩.**

૬૩૩. '**વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. સંયોગના કારણે કોઈ દુઃખી-સુખી નથી.**' બહુ મહાન સિદ્ધાંત છે. અને આખી દુનિયાની સામે આ સિદ્ધાંતનો બળવો છે. દુનિયા આખી એમ માને છે કે સંયોગની અનુકૂળતા અને સંયોગની પ્રતિકૂળતા એ જ સુખ-દુઃખનું કારણ છે. ત્યાંથી એટલે પ્રાણીમાત્ર, મનુષ્યમાત્ર નહિ પણ પ્રાણીમાત્ર સંયોગની પાછળ ફરે છે અને ભમે છે. પ્રાણીમાત્ર આ કાર્ય કરે છે. કીડી પણ કણ ગોતવા દરની બહાર નીકળે છે અને હાથી જંગલમાં જાય છે. માણસ દુકાને જાય છે, એ મોટા સત્તાધારી માંધાતાઓથી માંડીને સામાન્યમાં સામાન્ય ઝૂંપડીવાળો માણસ પણ સંયોગને વધારવા, સંયોગને સુધારવા, સંયોગને બને તેટલા અનુકૂળ કરવા, આખી દુનિયાને અનુકૂળ કરવાનો એમાં અભિપ્રાય છે. એનાથી મને સુખ થશે એવી એની કપોળકલ્પિત માન્યતા છે તેથી કોઈને તૃપ્તિ કે સુખ થતું નથી. દરેક સ્તરના સંયોગોવાળા ઊંચા-નીચા સ્તરના સંયોગોવાળા જીવો જોવામાં આવે છે પણ કોઈને સુખ જોવામાં આવતું નથી. બધા જ એમ કહે છે અથવા બધા હજી સુખ માટે જે પ્રયત્નવાન છે એ જ પરિસ્થિતિ સાબિત કરે છે કે એને હજી સુખ નથી. એનો વિશેષ સુખ માટેનો પ્રયત્ન જાહેર કરે છે કે હજી એને સુખ થયું નથી. એની સામે આ સિદ્ધાંત છે. બહુ કિંમતી વસ્તુ છે.

ભાઈ ! સંયોગના કારણે કોઈ સુખ-દુઃખ નથી. તો શું સંયોગની અનુકૂળતા અને સંયોગની પ્રતિકૂળતા એવું કાંઈ દુનિયામાં છે જ નહિ ? કે સંયોગના પ્રકારો અનેક છે. સંયોગના પ્રકારો વિભિન્ન પ્રકારના હોવા છતાં કોઈ સુખના કારણ છે કે કોઈ દુઃખના કારણ છે એમ ખરેખર નથી. એક માણસને એક રંગ ગમતો નથી એ જ બીજાને ગમે છે. એ બતાવે છે કે કોઈ રંગ સારો છે કે કોઈ રંગ ખરાબ નથી. આ દૃષ્ટાંતે બધા જ્ઞેયો લઈ લ્યો. જે કલ્પના સારાપણાની કરે છે કે આ સારો. ફેશન શું કરવા બદલાય છે ? એ તો શોભાનો વિષય છે. આ કપડાની અને દાગીનાની બધી જુદી જુદી જાતની વાળની, ફલાણાની ને ચશ્માથી માંડીને બધી ફેશન બદલાય છે ને ? એક સારી હોય એ રહે. આટલા આટલા કાળમાં કોઈ એવું નક્કી ન થયું કે આ જ સારું ? આ બધા બુદ્ધિવાળા ભેગા થયા એમાંથી કોઈએ એવું રજિસ્ટર ન કર્યું કે, ભાઈ ! આને સારું કહેવું અને આ સિવાયને સારું ન કહેવું. ફરતું જ જાય છે માળું ! એ એમ સૂચવે છે કે સારા-નરસાપણાની કલ્પના જ જીવ કરે છે. બીજું કાંઈ નથી.

તમામ પ્રકારના સંયોગમાં જીવ સુખી-દુઃખી સંયોગને કારણે હરગીજ નથી. આમ છે. આ તો એક વ્યવહારજીવનમાં પણ જીવવાની કળા આવડી જાય એવો વિષય છે. જો અધ્યાત્મમાં પ્રવેશ કરે તો એટલી

શાંતિ રહે કે એને તો પછી બ્લડપ્રેશર થવાનો સવાલ નથી. આ હાયપરટેન્શન થાય છે ને માણસને ? એ અશાંતિનું કારણ છે. ડોક્ટરો કહે કે ભાઈ ! તમે ચિંતા મૂકી દ્યો તો કેટલાક દર્દીઓ એવી વાત કરે છે કે પણ અમારે કાંઈ ચિંતા જ નથી. અમે કાંઈ ચિંતા કરતા નથી તોપણ આ પારો ચડી જાય છે એનું શું કરવું ? ત્યારે કહે છે કે તમને ખબર નહિ હોય એવી તમે ચિંતા કરતા હશો. ફેંકે એ તો. બીજું શું કહે ? હોય જ છે એને, એ હોય જ છે એને. આટલી ઉપાધિ કરે છે કે એનો હિસાબ-કિતાબ એને આવડતો નથી. પણ ઘણી એકતાબુદ્ધિથી, તીવ્ર રસે કરીને એ સંયોગને વળગે છે. અરે..! સુખના હરખમાં બ્લડપ્રેશર થાય. દુઃખની ઉપાધિમાં થાય એવો વિષય નથી. સુખનો હરખ વધારે પડતો થાય અને રસ રેડાય જાય, અનુકૂળતાઓ વધતી જાય. દિવસે-દિવસે અનુકૂળતા વધતી જાય. માંડ માંડ પેટિયું કાઢતો હોય અથવા દેવું થઈ ગયું હોય અને એમાંથી અનુકૂળતાઓ શરૂ થઈ જાય. દુકાન ને ધંધાઓ ને કારખાનાઓ ને સગા ને સંબંધીઓ ને વેવાઈ ને વેવલાઓ ને બધું દિવસે-દિવસે ફૂલતું-ફાલતું જાય. એનો જે હરખનો પારો ચડ્યો ને એમાં બ્લડપ્રેશર થાય. આવા ઘણા કેસ છે. કેમકે એ બધી ઉપાધિનો એને રસ લાગ્યો છે. એ બધી ઉપાધિમાં તીવ્ર રસ એને આવ્યો છે.

પ્રતિકૂળતાઓની કલ્પના થાય એને તો થાય એમાં કાંઈ નવાઈ નથી પણ અનુકૂળતાની કલ્પનામાં પણ તીવ્ર રસ છે એ એ વખતે પણ દુઃખ છે અને દુઃખની પરંપરાનું એક કારણ છે. પાછળ દુઃખની વણઝાર ઊભી છે. માટે ગમે તેમ કરીને શાંતિનો રસ્તો શોધી લેવા જેવો છે. એ વાત જો ન સમજાય તો એને જીવન જીવતા આવડ્યું નથી. શાંતિથી જીવતા આવડ્યું નથી. એ વાત ચોક્કસ છે. માટે કોઈ જીવ એમ માનતો હોય કે હું બુદ્ધિવાન છું અથવા વિચારવાન છું એમ માનતો હોય તો એણે પહેલો વિચાર પોતાની શાંતિ, જીવનની શાંતિ, પરિણમનની શાંતિનો પહેલો સમજી લેવો જોઈએ અને એ એને આવડી જવો જોઈએ. પછી બીજી બધી વાત છે.

મુમુક્ષુ :- એમ કહે કે આમાં જે અમને શાંતિ લાગે છે

પૂજ્ય ભાઈશ્રી :- તો આ શું કરવા થયું ? આમાં શાંતિ લાગે છે તો આ તો એવું સ્થૂળ રિઝલ્ટ આવ્યું છે. જે લોહીની ગતિ સ્પીડ પકડે છે અને એમાં જે તારા પરિણમનનું નિમિત્ત છે એ એમ બતાવે છે કે તને શાંતિ નથી. પણ રસ ચડી ગયા હોય ત્યારે એને દુઃખમાં પણ સુખની કલ્પના થાય છે.

જ્યારે તે તે પ્રસંગનો અને તે તે સંયોગનો રસ ચડી જાય છે ત્યારે દુઃખમાં પણ સુખની કલ્પના થાય છે. પણ ભાઈ ! એ તારી ક્ષણિક કલ્પનાની નિવૃત્તિ થઈ જશે અને પછી કેટલા દુઃખમાં ધકેલાઈ જઈશ એનો ક્યાંય પત્તો લાગશે નહિ. આ છે. આ તો બહુ દીર્ઘ દૃષ્ટિનો વિષય છે. છીછરી દૃષ્ટિવાળાનો આ વિષય નથી. બહુ લાંબું જોઈ શકે, પોતાના અનંતકાળની હયાતીને જોવે અને વિચારે અને એની વ્યવસ્થા વિચારે એના માટેનો આ વિષય છે. પાંચ-પચ્ચીસ વર્ષ માટેનો વિચાર કરે એના માટે આ લાઇન નથી.

મુમુક્ષુ :- ધનમાં તો કલ્પના સમજાય, પણ અશાતાના ઉદયમાં શરીરમાં તીવ્ર વેદના થાય એ વેદનને કલ્પના કેમ કહેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- વેદના જણાય છે. કલ્પના થઈ છે કે થાય છે મને. 'મને થાય છે' એ કલ્પના થઈ છે. જ્ઞાનને થઈ નથી. વેદના અને જ્ઞાન એક થઈ જાય તો ક્યારેય છૂટા પડે નહિ. પણ વેદના પૂરી થઈ જાય છે અને જ્ઞાન કોરેકોરું રહી જાય છે. જ્ઞાન કોરેકોરું રહી જાય છે. પાણીમાં તેલ નાખ્યું. ભળી ગયું ? દૂધમાં પાણી નાખ્યું. ભળી ગયું ? કહે નથી ભળ્યું. પાણી દૂધરૂપે થાય નહિ. પાણી દૂધરૂપે થાય તો કોઈ ઓછું નાખે નહિ. ઓછું નાખે ? જેટલું નખાય એટલું હોય એટલું નાખે. બોરતળાવ ખાલી થઈ જાય. જો પાણીનું દૂધ કરી શકાતું હોય તો કોઈ ઓછું નાખે નહિ. તો પાણીના ભાવ દૂધ જેટલા જ હોય. તો આ જે નળમાં આવે છે એવી રીતે આવે નહિ.

મુમુક્ષુ :- દાખલો તો સમજાય છે પણ આ વેદના

અને જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- આ અનુભવ સમજવો કે નહિ ? દાખલો શું કરવા સમજવો ? આપણે અનુભવ સમજવો કે એ વેદના પૂરી થઈ જાય છે અને જ્ઞાન રહી જાય છે કે નહિ ? એમાં ક્યાં દાખલો છે ?

મુમુક્ષુ :- એકલો વેદનામય પોતાને સમજી રાખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં પકડાય છે. જ્ઞાન ત્યાં ખોટી રીતે પકડાય છે એમ કહેવું છે. એના દાખલા જોઈ શકાય છે.

મુમુક્ષુ :- સાથોસાથ પરિણમનમાં એકત્વબુદ્ધિ પણ ખરી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પૂરેપૂરી એકત્વબુદ્ધિ છે. પણ કષાયને વશ માણસ વેદનાની ઉપેક્ષા કરી શકે છે. આ બાવા લોકો કરે છે. હમણાં બે દિવસ પહેલા એક બાવો આવડો પાણો લઈને આવ્યો હતો. છાતીએ મારતો હતો. અહીંથી લોહી ચાલ્યા જતા હતા. લોહી નીકળેલા હતા. કહે, પૈસા આપો નહિતર નહિ જઉં.

મુમુક્ષુ :- કસાઇ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કષાય છે. પૈસા લેવાનો કષાય છે. છાતીએ પાણો મારે, ચાકુ મારે છે. ચેકો માર્યો હોય તોપણ એના ઉપર બીજા ચેકો મારે. આળું થઈ ગયું હોય તોપણ. જોઈ નથી શકતા એટલે લોકો પૈસા દઈ દે છે. એને જોઈ નથી શકતા. એને ખબર છે કે આ લોકોની pschyology ખરાબ છે. મારી નથી. એ રળવાનું સાધન બનાવે છે. છે કે નહિ ? વેદના છે કે નહિ એને કાંઈ ? ચાકુ મારે (એની) વેદના નહિ કાંઈ ? કષાયને વશ ગૌણ કરી શકે છે એ તો. એટલી તો પ્રક્ટિસ છે એને. સકષાય દશામાં આટલી પ્રેક્ટિસ છે.

તો પછી અકષાયદશાની પ્રેક્ટિસ હોય, એને એ વેદનાની અસર ન હોય તો એમાં શું મોટી વાત છે ? એમાં કોઈ મોટી વાત નથી. સામાન્ય વાત છે. એ તો વીતરાગદશા છે. અને તે પણ અનંત શક્તિના પિંડમાં તન્મય થયેલી દશા છે એ તો. અનંત આનંદમાં, આનંદનો જે સાગર છે એમાં ઉપયોગ ડૂબ્યો છે. એને સ્પર્શાદિ વિષયનું કોઈ એ વખતે ભાન કે ખ્યાલ રહેતો નથી. શરીરને કાપે તો ખબર ન પડે. વેદના થવી જોઈએ કે નહિ ? નિર્વિકલ્પ દશામાં ખબર ન પડે. કેમકે ઉપયોગથી આખો ગોળો છૂટો પડ્યો છે. શરીરનું ખોખું છૂટું પડી ગયું છે. આ તો અંદર પ્રસરીને બેઠો છે. શરીરમાં પ્રસરીને બેઠો છે કે આ હું. થઈ રહ્યું. પછી તો કપડાને પ્રસરે છે કે આવા કપડાવાળો હું. આવી ડિઝાઈન અને આવા રંગના કપડાના સ્વભાવવાળો હું અને આવા દાગીનાવાળો હું. ત્યાંથી માંડીને તો વણઝાર ચાલે છે બધી.

મુમુક્ષુ :- ઘણા વાળા નીકળ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- બધા પીડાના વાળા નીકળ્યા છે.

વર્તમાન વેદના થઈ અને દુઃખી થયો એનું કારણ એ સ્વને ચૂકે છે. સ્વ જે અનંત આનંદનો નાથ છે એનું અવલોકન કરવાનું પણ ચૂકે છે. અને જે કાંઈ સંયોગને જોવે છે એમાં ભાવથી પ્રવેશ કરી જાય છે. દ્રવ્યથી તો પ્રવેશ થઈ શકતો નથી. દ્રવ્ય એટલે physically. પ્રવેશ થઈ શકતો નથી પણ પરપ્રવેશનો એવો ભાવ તન્મય કરે છે કે જેથી એને સ્વસંવેદનરૂપ નિજજ્ઞાનનો અભાવ થાય છે. સદ્ભાવ થતો નથી. એ તો મોટો સિદ્ધાંત છે-'અનુભવ પ્રકાશ'માં.

એ વાત અહીં લીધી છે કે સ્વને ચૂકે છે. એ વખતે પોતે પોતાની સંભાળ રાખે કે અવ્યાબાધ સ્વરૂપે જ્ઞાનનો અભેદ કિલ્લો, એમાં હું બેઠો છે. આ દુર્ગમાં બેસે છે ને, કિલ્લામાં ? કે તોપના ભડાકા પણ ખાલી જાય. એમ હું અવ્યાબાધસ્વરૂપે જ્ઞાનદુર્ગમાં સુરક્ષિત છું. એવા પોતાના અવ્યાબાધ સ્વરૂપને ભૂલે છે, જ્ઞાનમય તત્ત્વને ચૂકે છે. તેથી સંયોગને જોનાર દુઃખી થાય છે. નહિતર સંયોગ જોનાર દુઃખી થાય નહિ, સંયોગ દેખાય તોપણ. એ વાત એમાં આવી ગઈ. કેવળજ્ઞાની ત્રણલોકના સંયોગને જોવે છે. અરિહંત દશામાં લોકમાં રહીને જોવે છે. સિદ્ધ દશામાં લોકાગ્રે જઈને પણ જોવે છે. કાંઈ એને દુઃખ-સુખની લાગણી થતી નથી.

એ પ્રશ્ન થાય એવો છે કે તો પછી લાગણી વગરના થઈ જાવું ? ઠીક ! આ રસ્તો કોઈ એવો છે

કે લાગણી વગરના બધાને કરી નાખે ? ડફ્ફર. લાગણી વગરના જીવ બે પ્રકારે હોય. એક ડફ્ફર. ડફ્ફર એટલે પોતાને કાંઈ થાય ત્યારે ન હોય, હોં પાછું ! બીજામાં. અને એક જ્ઞાનીઓ હોય છે કે જેને મોહની લાગણી નથી. જ્ઞાનની લાગણી છે પણ મોહની લાગણી નથી. સર્વ જીવોનું હિત થાઓ, સર્વ જીવો નિજાનંદને અને આત્મિકસુખને પામો એવી લાગણી તો સહજપણે જ્ઞાનીઓને, સાધકોને હોય છે. પણ સંયોગને વળગીને જીવો દુઃખી થાવ, એવી લાગણીવાળા બધા રહો એવી દુઃખી થવાની ભાવના કોઈના પ્રત્યે જ્ઞાનીને હોતી નથી. એટલે ખોટી રીતે જે મમત્વ કરે છે અને એને લાગણીનું સુંવાળું નામ આપવામાં આવે છે એ વાત વિચાર માગે છે. વિચારવા જેવી છે. બરાબર નથી માટે વિચારવા જેવી છે.

મુમુક્ષુ :– ખરેખર તે લાગણીનું replacement થાય છે. પોતાને લાગણીની અપેક્ષા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો છે જ. એ તો ઇચ્છે જ તે. જે બીજા પ્રત્યે કાર્ય કરે એ ઇચ્છે જ.

એક બહુ સેવાભાવી માણસ હતા. ગુજરી ગયા છે. ડોક્ટર હતા. આખી જિંદગી સેવા કરી છે. બહુ સેવા કરી છે. કેટલાક તો એવા દર્દી હતા કે જેને ખાવા-પીવાનું કાંઈ ન હોય. એને દવા આપી છે નહિ, એને ખોરાક પણ આપ્યો છે, ફ્રૂટ પણ આપ્યું છે, દૂધ પણ આપ્યું છે. પોતે બ્રાહ્મણ હતા. એક તો મુસલમાનનો દીકરો હતો. બાય રાંડેરાંડ હતી. ક્ષય થઈ ગયો. જુવાન દીકરો હતો. મારા ઘરે રાખ્યો, કહે. બેનને કહ્યું કે તમતમારે જાવ હવે તમારા ઘરે. બહારગામથી–ગામડામાંથી આવેલા હશે. તમે તમારા ઘરે જાવ. આ છોકરો મારે ત્યાં રહેશે. એને હું સાજોસારો કરી દઈશ. તમારે મૂંઝાવું નહિ. એટલી બધી મેં આખી જિંદગી સેવા કરી છે. મારી પ્રકૃતિમાં જ એ વાત બહુ. સજ્જન હતા. સજ્જનતાથી એ વાત પણ સારી દેખાય. પણ શું સાથે ઉત્પન્ન થઈ ગયું એ એમને પણ ખબર નહોતી. એટલે સાથે સાથે બળાપો કાઢ્યો કે આટલી આટલી મેં સેવા કરી હોવા છતાં મારી જરૂરિયાત વખતે કોઈએ મારી સામું જોયું નથી. એનો એટલો બધો ઉકરાટો અને દ્વેષ હતો. કેમકે એ અપેક્ષા ભેગી થઈ ગયેલી. હવે એ જાતનું પુણ્ય ન હોય તો બહારમાં કોઈને અનુકૂળ થવાનો વિકલ્પ ન આવે. તો એને એકદમ દ્વેષ થઈ જાય કે હું આટલી સેવા કરનારો, મારી જરૂરિયાત વખતે કોઈ મારી પડખે ન રહ્યું ! આ દુનિયા જ સ્વાર્થની છે. એને એ વખતે એમ થઈ જાય. આમ પોતે અપેક્ષા રાખે એવું આપોઆપ ઊભું થઈ જાય છે. કેમકે બીજાને એનાથી સુખી માન્યો છે. એણે પહેલા પોતાને એનાથી સુખી માન્યો છે.

જેણે સંયોગથી બીજાને સુખી માન્યો છે એણે પહેલા પોતાને સંયોગથી સુખી માન્યો છે. ભલે એ વખતે પોતાના સંયોગોનો ત્યાગ કરીને બીજાને સુખી કરવા માગે તોપણ એ વાત તો એણે ચાલુ રાખી છે. આવું થયા વગર રહેતું નથી. કેમકે એને એ વિષય સમજાણો નથી કે હું પરપદાર્થ રહિત જ્ઞાનમય આત્મા છું. પરપદાર્થનું મારામાં અસ્તિત્વ નથી. ક્યારેય (નથી). અત્યારે અને ત્રણે કાળે મારામાં અસ્તિત્વ નથી. જેનું મારામાં અસ્તિત્વ નથી એને હું કોઈપણ પ્રકારે વળગવા જઈશ તો એનું ફળ દુઃખ જ છે. વર્તમાનમાં પણ દુઃખ છે અને ભવિષ્યમાં પણ એનું ફળ દુઃખ જ છે. સુખી થવાની બુદ્ધિથી આ વિષય સમજવા જેવો છે. નિરાકુળ આત્માકિ શાંતિના દૃષ્ટિકોણથી આ વિષયને સમજવા જેવો છે. કોઈના માટે નહિ પણ પોતાના માટે.

મુમુક્ષુ :– નિરાકુળ સુખી થવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :– નિરાકુળસ્વરૂપ આત્મા છે. આત્મામાં આત્મત્વ કરવું. બીજામાં આત્મત્વ કરતાં પોતાને ચૂકી જાય એ વાત કોઈ યોગ્ય તો નથી, યથાર્થ તો નથી. સીધી વાત છે. એવું જ આ રાગથી ધર્મ માનવામાં છે. કોઈપણ રાગથી તું ધર્મ માનવા ઇચ્છે છો. પણ તારામાં નથી, જે ચીજ તારામાં નથી, જે તત્ત્વ તારામાં નથી, એ ભાવ તારા મૂળ સ્વરૂપ નથી તે ભાવથી તારો જ ધર્મ થાય એ વાત ક્યાંની છે ? એ વાત તને તારા સ્વરૂપની સમજણ વગરની છે. સમજણમાં તો એ વાત હોઈ શકે નહિ.

અહીંયાં તો વિચાર કરવો નથી પણ અનુભવ કરી જોવો કે વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. તો મારા દુઃખના અનુભવ કાળે મારા સ્વરૂપની સંભાળ વર્તે છે ? કે સંયોગની સંભાળ વર્તે છે ? જો સંયોગની સંભાળ વર્તે છે અને હું મને સંભાળતો નથી તો કહેનાર સાચા છે. સુખ-દુઃખના વિષયમાં જે સાચું કહે છે, તે જેમાં સુખ-દુઃખનું પ્રયોજન નથી એ બધા વિષયને ક્યાંય ખોટું કહેવાનું એને કારણ રહેતું નથી. એ બધું સાચું જ કહે છે. માણસ આમ પરીક્ષા કરે છે ને કે એને પૈસા દેવાનું એને નુકસાનનું કારણ હતું તોપણ ખોટું ન બોલ્યો. તોપછી એને લેવાદેવા નથી ત્યાં શું કરવા ખોટું બોલે ? એને હવે ખોટું બોલે છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' ૯૫ વર્ષ પહેલા કહી ગયા છે, જ્ઞાનીની બધી વાત સંમત કરવી.

પૂજ્ય ભાઈશ્રી :– સંમત કરવી. એ વિષય બહુ રહસ્યમય લીધો છે. રહસ્ય શબ્દ વાપર્યો છે.

કાલે થોડી ચર્ચા ચાલી હતી. મિથ્યાદષ્ટિથી માંડીને મુનિદશામાં છઠા ગુણસ્થાન યોગ્ય બુદ્ધિપૂર્વકનો રાગ અને વિકલ્પ ચાલે છે. અને ત્યાં સુધીના બાહ્યાચરણમાં... વિકલ્પ તો બાહ્યાચરણ સાથે સંબંધ ધરાવે છે ને ? વિવેક કરવા યોગ્ય છે કે મારા હિતનું કારણ શું હોઈ શકે ? અને મારા અહિતનું કારણ શું હોઈ શકે ?

એક જગ્યાએ 'ગુરુદેવે' લખ્યું છે કે જેને નિમિત્તનો વિવેક નથી એને ઉપાદાનનો વિવેક છે એ વાત વિચાર કરવા જેવી સુદ્ધાં નથી. આમ લખ્યું છે. તમે તો 'સોનગઢ'વાળા નિમિત્તને માનતા નથી. પણ અમે અહીં સુધી નિમિત્તને માનીએ છીએ. ઠીક ! એવી વાત લીધી છે. ૮૦૦ આસપાસ છે. ૮૦૦ કે ૯૦૦ પાછળ છે.

નિમિત્તનો વિવેક એ આત્માનો વિવેક છે. એમ કહે છે. ૮૩૧. ૨૩૦ પાને. ૨૨૯થી શરૂ થાય છે. **'ચામડા ઉતારીને જોડા કરીએ...'** જીવતા ચામડાની વાત છે, હોં ! મરી ગયા પછી નહિ. જીવતી ચામડી ઉતારીને જોડા કરી દઈએ, જ્ઞાનીના પગ બળતા હોય તો, એમ કહે છે. તોપણ તેમનો ઉપકાર વાળી શકાય એવું નથી. આ 'ગુરુદેવ'ના શબ્દો છે. શું કહે છે ? જ્ઞાનીના પગ બળતા હોય અને એને ચંપલ-જોડાની જરૂર હોય તો જીવતી ચામડી ઉતારીને દઈએ, એમ કહે છે. તોપણ એનો પ્રતિઉપકાર થાય એ વાત નથી.

**'એવો ઉપકાર ગુરુ આદિનો હોય છે. એને બદલે તેમના ઉપકારને ઓળવે...'** એની વિરુદ્ધ જાય **'તે તો અનંત સંસારી છે.'** અરે..! **'કોની પાસે સાંભળવું એનો પણ જેને વિવેક નથી...'** એમ કહે છે. **'તે આત્માને સમજવા માટે લાયક નથી...'** એમ કરીને વાત લીધી છે. કેમકે એમાં નિમિત્તનો વિવેક નથી. ખરેખર તો શબ્દોમાં તો ૮૨૭માં છે. ૨૨૮ પાને છે ને ?

પહેલેથી લઈ લઈએ. **'પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે.'** કોણ ? સાધકજીવ. **'પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી...'** બાહ્યાચરણનો વિષય ચાલે છે. **'અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વહાલાં સગાં છે.'** કોણ ? અરિહંત ભગવાન એના ખરેખરા વહાલા સગા છે. આ વેવાઈ છે એ વહાલા સગા નથી એમ કહે છે.

**'જેમ લગ્નપ્રસંગમાં વહાલાં સગાંને આમંત્રણ આપે છે. એમ ધર્મમાં ઇષ્ટ એવા સિદ્ધો, અરહંતો, જિનબિંબો, વગેરેને યાદ કરીને નમસ્કાર કરે છે.'** દીક્ષાનો પ્રસંગ હોય તો મુનિરાજ અરિહંતોને અને સિદ્ધોને યાદ કરે છે. હે સિદ્ધો ! હે અરિહંતો ! મારા દીક્ષાપ્રસંગમાં પધારો. જેમ લગનમાં કોઈ કન્યાને લેવા જાય છે, વરવા જાય છે. હું મુક્તિસુંદરીને વરવા નીકળ્યો છે. પધારો મારા પ્રસંગમાં. ઉપરથી સિદ્ધને આમંત્રણ આપે છે. સિદ્ધાલયમાંથી નીચે આવો. હવે સિદ્ધાલયમાં આવવાનો મારો પ્રસંગ છે. **'એમના ઉપકારને ભૂલતા નથી. કેટલાક જીવો સનાતન દિગંબર પરંપરાના શાસ્ત્રો વાંચીને, કુદેવાદિનાં નામથી ચલાવે છે.'** એમાં પણ ઘુસાડી દીધા. દેવ-દેવલા ને બીજાને ધર્મના સ્થાનમાં ઘુસાડ્યા. એ પરંપરાને તોડી છે માટે એ અનંત સંસારી છે.

હવે સિદ્ધાંતની વાત લીધી છે. કે **'જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી. તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી. નિમિત્તનો વિવેક તે ખરેખર**

**આત્માનો વિવેક છે.'** આમ નાખ્યું છે. આ નિમિત્તને આમ માને છે. (લોકો) કહે છે કે તમે નિમિત્તને માનતા નથી. તને ખબર નથી અમે કેવી રીતે નિમિત્તને માનીએ છીએ. **'નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.'** આ તો ચાર વર્ષ પહેલા સંકલન થયું છે. ત્રણ વર્ષ, ચાર વર્ષ થઈ ગયા.

**'સ્વરૂપદૃષ્ટિ જેને થઈ છે તેને નિમત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે.'** ચોખ્ખું કહે છે. અમે નિશ્ચયપ્રધાન વાત કરીએ છીએ પણ એ બહાને પણ લોકો ભૂલ્યા છે અને વ્યવહારને સમજતા નથી. પછી તો વ્યવહારને પણ છોડે છે. **'તે નિશ્ચય વ્યવહાર બંનને ભૂલ્યા છે.'** વ્યવહારને માનતા નથી ? કે આમ વ્યવહારને માનીએ છીએ. એ નિશ્ચય વ્યવહાર બન્નેમાં ભૂલેલા છે. જેને પરિપૂર્ણ નિર્દોષ થવું છે એને તીવ્ર દોષ થાય એની ખબર ન પડે ? કે તારે થાવું નથી. તારે નિર્દોષ થાવું નથી. તારો હેતુ કોઈ અંદરમાં બદલાઈ ગયો છે. બાકી હેતુને વળગી રહેનારને તો વિવેક આવ્યા વિના રહે નહિ. એ નિમિત્ત અને વ્યવહારનો વિષય ૮૨૭માં વધારે સારો આવ્યો છે.

મુમુક્ષુ :– ઉપકારનો બદલો કેવી રીતે વળાય ?

પૂજ્ય ભાઈશ્રી :– વળતો જ નથી. વળવાનો પ્રશ્ન નથી. એ એવો અનંત ઉપકાર છે કે જો એનો ઉપકારનો બદલો વળે તો એ ઉપકારની અનંતતા કહેવી મિથ્યા છે. અંત આવી ગયો એ તો.

એકવાર ખાદી લીધી અને દસ રૂપિયા આપ્યા તો એ તો સામેસામું થઈ ગયું. નથી દસ રૂપિયા આપવાવાળાએ ઉપકાર કર્યો કે નથી ખાદી વેચવાવાળાએ ઉપકાર કર્યો. બરાબર છે ? પણ આ તો ઉપકાર કર્યો છે એનો અર્થ એ છે કે એ ઉપકાર વાળી શકાતો નથી. કોઈ જીવ મરતો બચાવે, કેન્સર મટાડે, ડૂબતો બચાવે, સળગતો બચાવે. અરે..! રણમાં પાણી વગરનો મરતો હોય ને પાણીનો ઘડો લાવીને, ટાઢો સાકરના પાણીનો ઘડો લાવીને મૂકે. એને ત્યાં ભગવાન ભાળે. આ તો મારો ભગવાન ઉપરથી આવ્યો. નહિતર હું બચત નહિ એમ કહે. કેવી રીતે વાળે એને ? એ ઉપકારને કેવી રીતે વાળે ? એની કોઈ Terminology છે કાંઈ ? કે આની અંદર એને વાળી શકાય. એ કાંઈ નથી. તો આ તો અનંત જન્મ-મરણથી બચાવી દે એવું વિજ્ઞાન છે. એ રીત, એ વિધિ, એ માર્ગ સુઝાડવામાં જેનો વિકલ્પમાત્ર છે. કરી દેતા નથી કાંઈ. જેનો વિકલ્પમાત્ર છે કે, ભાઈ ! તું આમ સુખી થઈશ. અમે એમ સુખી થયા છીએ અને અમારું ભવભ્રમણ મટી જવાની વાત guaranteed છે. તને પણ આમ થાતા મટી જશે. બસ, આટલી એની નિઃસ્પૃહપણે નિષ્કારણ કરુણા છે. એ ગુરુ આદિનો ઉપકાર છે. એનો કોઈ પ્રત્યુપકાર થઈ શકે એ જગતની અંદર કોઈ ચીજ છે નહિ.

શું કહે છે અહીંયાં ? કે આ તો અનુભવથી નક્કી કરવા જેવો વિષય છે કે જ્યારે પોતે દુઃખી થાય છે ત્યારે એ સંયોગને વળગીને દુઃખી થાય છે. દુઃખી થાય ત્યારે તપાસી લેવું. એટલું જ નહિ. સંયોગને વળગે છે ત્યારે એ પોતાને પૂરેપૂરો ભૂલી જાય છે કે હું એક જ્ઞાનમય આત્મા અને જીવ છું. એ ભૂલી જાય. હું ફલાણો. એમ રાખીને આ સંયોગ મારા અને એમાં નુકસાન થાય છે એનું મને દુઃખ થાય છે. એ રીતે જે પોતાને ચૂકે છે, સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. કેમકે સ્વમાં આનંદ છે અને સુખ છે. એ આનંદને અને સુખને ચુકી જાય છે એટલે આનંદ અને સુખ થતું નથી. તો શું થાય છે ? કે દુઃખ થાય છે. એવું ન બને કે સુખ પણ ન થાય અને દુઃખ પણ ન થાય. જગતમાં ત્રીજી કોઈ અવસ્થા નથી. કાં તો સુખ થાય અને કાં તો દુઃખ થાય છે. અહીંયાં કલ્પિત સુખને પણ દુઃખ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– નિમિત્તના વિવેકમાં આત્માનો વિવેક ?

પૂજ્ય ભાઈશ્રી :– એમ છે. ગંભીર વાત છે. એ open secret નથી, રહસ્ય છે એની અંદર. ભાઈ પૂછે છે કે આ નિમિત્તના વિવેકમાં આત્માનો વિવેક એવી વાત શું કરવા કરે છે ? નિમિત્તના વિવેકમાં નિમિત્તનો વિવેક છે. એમાં આત્માનો શું કરવા ? વાત નિમિત્તની કરો અને વળગાડો છો ઉપાદાનને. આ જ 'ગુરુદેવ'ની

વિશેષતા છે. જ્ઞેયની વાત કરે અને જ્ઞાનને પ્રસિદ્ધ કરે. જ્ઞેય પ્રધાનતાથી જ્ઞાનના બે બોલ તો આવી ગયા. એવી જ વાત આ છે. એમાં એ આત્મત્વ જોવે છે. નિમિત્તમાં, ગુરુ આદિકમાં આત્મા શું છે એ જોવે છે.

'સોગાનીજી'એ લખ્યું છે કે આ પ્રવચન કરે છે એને હું ગુરુ માનતો નથી. ઠીક ! પ્રવચનની ક્રિયાને હું ગુરુ માનતો નથી. ૬૪૫માં આવે છે. આ શરીર છે એ છ ફૂટનું એમને હું ગુરુ માનતો નથી. એમ લીધું છે. અંદરમાં જે જ્ઞાનઘન આત્મા છે એ જોઉં છું, એને હું ગુરુ માનું છું. એ મહાન છે. એમાં હું ગુરુતત્ત્વ જોઉં છું. આત્માને જોવે છે. એટલે એમાં આત્માનો વિવેક છે. ગુરુઆદિકમાં જે બહુમાનનો વિવેક છે એમાં આત્મા જોવે છે અને એ પ્રગટ આત્મા જોવે છે. અપ્રગટ નહિ પણ પ્રગટ આત્માને જોવે છે. અપ્રગટ આત્મા તો બધામાં છે. સર્વ જીવ છે સિદ્ધ સમ. પણ એમાં પ્રગટ જોવે છે. પ્રગટ જોવે છે અને પ્રગટ જોવે છે એટલે એનું આરાધન જોવે છે. આમ વાત છે. એટલે એને બહુમાન આવ્યા વિના રહેતું નથી.

જેને ગુણ પ્રગટ કરવા છે એને ગુણ પ્રગટ્યા છે એનું બહુમાન આવ્યા વિના રહે નહિ. નહિતર એને ગુણ પ્રગટ કરવા છે એ વાત રહેતી નથી. આમ છે. સીધી વાત છે. એટલે એમાં આત્માનું બહુમાન છે કે આત્માનો વિવેક એટલા માટે છે કે એને આત્મિકગુણો પ્રગટ કરવા છે. એટલે અહીંયાં નિમિત્તનો વિવેક આવે છે. આમ વાત છે. નિમિત્તથી તદ્દન ભિન્નપણું નિરૂપણ કરનારની આ વાત છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી નિમિત્તાદિ પરપદાર્થ તદ્દન ભિન્ન છે અને અકિંચિતકર છે એમ કહેનાર આ વાત કરે છે.

મુમુક્ષુ :– એટલે તો આશ્ચર્ય થયું.

પૂજ્ય ભાઈશ્રી :– એની પાછળ એની સમજણ શું છે ? એ વિષયનું પરિજ્ઞાન કેવી રીતે કામ કરે છે કે આ વચન વ્યવહાર ચાલે છે, એના ઊંડાણને અને એના રહસ્યને સમજવું રહ્યું.

મુમુક્ષુ :– એમાં શું ઊંડાણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં ગુણની Deepness છે એમાં. ગુણ એમાંથી કાઢવો છે. ગુણને જોવે છે, ગુણધામને જોવે છે, ગુણ પ્રગટ થયા એને જોવે છે. અને પોતાને પ્રગટ થવાનો વિશેષ અવકાશ થાય છે, સાનુકૂળતા થાય છે એ પણ એમાં એ જોવે છે.

મુમુક્ષુ :– નિમિત્તના વિશેષ પ્રકારના વિવેકમાં તો નિમિત્તાધીન દૃષ્ટિ થવાની શક્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. નિમિત્તાધીન દૃષ્ટિ નહિ થાય. એ તો એટલે સામે નાખ્યું. સામે entry શું કરવા નાખી ? કે તદ્દન ભિન્નતા, નિમિત્તની બિલકુલ ભિન્નતા અને અકિંચિતકર જે જોર-શોરથી સ્થાપે છે. લોકો તો એમ સમજ્યા છે કે આ નિમિત્તને ઉડાડે છે અને નિમિત્તને માનતા નથી. એટલું બધું જોરથી સ્થાપ્યું છે એમણે કે લોકોને એવી એક અફવાનું સાધન મળી ગયું કે આ તો નિમિત્તને ઉડાડે છે અને નિમિત્તને માનતા નથી. એ જ આ કહે છે કે જેને નિમિત્તનો વિવેક નથી એને આત્માનો વિવેક નથી. આમ વાત છે.

મુમુક્ષુ :– એની સામે જ આ વાત આવે છે કે અત્યારે તમે આ વાત કરો છો એટલે તમારી નિમિત્તાધીન દૃષ્ટિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ આ ક્યાં અત્યારની છે ? આ ક્યાં અત્યારની તો છે નહિ કોઈ. એટલા માટે તો સાલ પહેલા કહી દીધી કે આ તો ત્રણ-ચાર સાલ પહેલા સંકલન થઈ ગયું છે. અત્યારે તો સંકલન કરેલું નથી. શેમાંથી છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' પહેલા અધિકારના પ્રવચનમાંથી છે. 'ટોડરમલજી'ના વચનો ઉપર વ્યાખ્યાન ચાલે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પહેલા અધિકારના પ્રવચનો કે'દિ લખાણા હશે એ નક્કી કરો. ઘણા વર્ષથી તો એ છ અધિકાર વાંચતા નથી. સીધા સાતમા અધિકાર ઉપર જ પ્રવચન ચાલે છે. કેમકે અન્યમતિનો શું નિષેધ કરવો ? જૈનમતિમાં ભૂલ છે એની વાત કરે છે સાતમા અધિકારની. છેલ્લા દસ-પંદર વર્ષ તો સાતમા અધિકારનો જ વિષય ચાલ્યો છે. પહેલા અધિકારના વ્યાખ્યાન તો મેં નથી સાંભળ્યા. વીસ-પચ્ચીસ વર્ષ પહેલા થયા હશે. આ ત્રીસ વર્ષ પહેલા લખાયેલી વાત છે. એટલે તો reference આપ્યો

છે કે આમાંથી લીધું... આમાંથી લીધું... આમાંથી લીધું... નહિતર તો વળી કહે, કાંઈક પોતાના અભિપ્રાયનું-ઘરનું નાખ્યું હશે. એવું નથી. ૮૩૧ છે ને ? પાનું સીખે નાખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' પ્રથમ અધિકાર અને આત્મધર્મમાં એ વ્યાખ્યાનો આવ્યા છે. 'આત્મધર્મ'ના અનુક્રમે પાના નંબર બેય લખ્યા છે. ૩૩૮, ૩૪૦, ૩૪૨, ૩૪૪, ૩૪૬ આ બધા આત્મધર્મના અંક છે. એની અંદરથી આ વાત નીકળી. ૩૩૮મો અંક કે'દિ નીકળ્યો હશે ? બાર અંકે એક વર્ષ થાય. અત્યારે ૪૮૯, ૪૯૦ કેટલામો ચાલે છે ?

મુમુક્ષુ :– પોણા બસ્સો પહેલા.

પૂજ્ય ભાઈશ્રી :– એટલા વર્ષ બાદ કરી નાખો. બાર આઠ છન્નુ. ૧૦૦ એ આઠ વર્ષ નીકળી જાય. ૨૦૦ એ સોળ વર્ષ તો ઓછામાં ઓછા નીકળી જાય છે. ક્યાંથી આવ્યું છે ? જે પ્રરૂપણાનો વિષય છે એ તો એકધારો સળંગ આવે છે. ૩૦ વર્ષ પહેલાનું વ્યાખ્યાન સાંભળો, આજનું વ્યાખ્યાન સાંભળો, સિદ્ધાંતિક રીતે ક્યાંય ફેરફાર નથી. એક સિદ્ધાંત... પછી એને વિશેષ વિશેષ જ્ઞાન જેમ ખૂલતું જાય, નિર્મળ થતું જાય અને એના પડખા ચોખ્ખા થતા જાય, વિશેષ સમજાવે પણ મૂળ સિદ્ધાંત તો એનો એ ચાલ્યો છે. અહીં સુધી રાખીએ....

## નવીન પ્રકાશન

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના જન્મ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ 'બહેનશ્રીના વચનામૃત' ઉપરના સળંગ પ્રવચનો 'અધ્યાત્મસુધા' ભાગ-૬ તથા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર થયેલા સળંગ પ્રવચનોનું પુસ્તક 'રાજહૃદય' ભાગ-૭ પ્રકાશિત કરવામાં આવ્યા છે. જે કોઈ મુમુક્ષુભાઈઓને સ્વાધ્યાય અર્થે મંગાવવો હોય તેમણે સંસ્થાના કાર્યાલય પર સંપર્ક કરી મંગાવી લેવા વિનંતી.

## 'રાજહૃદય' ભાગ-૮-૯

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચન ભાગ-૮-૯ ટૂંક સમયમાં પ્રકાશિત કરવાની ભાવના છે.

**સ્થળ :– શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (સપ્ટેમ્બર–૨૦૧૩નું) શુલ્ક શ્રીમતી તારાબહેન ગુલાબચંદ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

પર વિષયમાં સુખનો અનુભવ તે કલ્પિત છે, જૂઠો છે. ત્યાં ખરેખર સુખ અથવા આનંદ ન થતો હોવા છતાં આભાસ થાય છે. તેમાં જૂઠો આનંદ મનાય છે. આ સિદ્ધાંત કોઈપણ કક્ષાના કષાયની મંદતાવાળા પરિણામને પણ લાગુ પડે છે. નિજહિતના પ્રયોજનની દષ્ટિકોણવાળા જીવને જૂઠા - કૃત્રિમ આનંદમાં પોતે છેતરાય નહિ તેની સતત જાગૃતિ - સાવધાની પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે રહેવા યોગ્ય છે. કારણ કે તેમાં અધ્યાત્મિક નુકસાન છે. (૧૨૩)

❁

સમ્યક્જ્ઞાન મહાવિવેક ધારણ કરી, સ્વપર પ્રકાશક પરિણમનમાં, સ્વવિષયમાં અને પર વિષયમાં નીચે પ્રકારે / પ્રમાણે પરિણમે છે :– * સ્વરૂપને અભેદ અનુભવરૂપ, મહામહિમાવંત જાણી સર્વોત્કૃષ્ટ ઉપાદેયપણે-ચૈતન્યરસપણે સ્વ-આશ્રયભાવે સહજ પરિણમે છે. * પરપદાર્થ અને રાગ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં ભિન્નપણે, ઉપેક્ષાભાવે, નિર્મૂલ્ય અને નીરસપણે સહજ જણાય છે-પરિણમે છે. તેથી તે પરથી નિવૃત્ત થતું થકું વિજ્ઞાનઘન થતું જાય છે. આ સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ છે. (૧૨૪)

❁

દ્રવ્યાનુયોગ આત્માનું એકત્વ - વિભક્ત સ્વરૂપ બતાવે છે. અભેદ સ્વભાવનું લક્ષ કરવાનો પરમ ગંભીર વિષય દ્રવ્યાનુયોગમાં છે. નિશ્ચય અધ્યાત્મના ઉપદેશની પ્રધાનતા વડે, દયા - દાનાદિ પરિણામનો અહીં નિષેધ આવે છે. તેમાં સ્વભાવ દષ્ટિ કરાવવાનો હેતુ છે. સ્વભાવની અભેદતા સાધવા, આ જ હેતુથી દ્રવ્યાનુયોગ અનુસાર - ગુણ પર્યાયના ભેદોનું જે નિરૂપણ છે - (જે વ્યવહારનયના વિષયભૂત સમસ્ત સિદ્ધાંતો છે) તેને– ભેદને નિરસ્ત કરવાની શૈલીથી અધ્યાત્મ પ્રધાનતા અભેદતા કરાવે છે - સાધે છે. યથાર્થતામાં આવી દષ્ટિની પ્રધાનતા સામે સંશય કે અનાદર ભાવ થતો નથી પરંતુ વિશેષ આદર - મહિમાના ભાવ થાય છે. તેમ છતાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું ભેદરૂપ નિરૂપણ - જે આગમ અનુસાર છે, તેના જ્ઞાનમાં પણ સપ્રમાણતા રહે છે - જરાપણ અન્યથા કલ્પના થતી નથી. એવું સંતુલન રહે તે આ વિષયની ગંભીરતા છે અર્થાત્ સમ્યક્ એકાંત અને અનેકાંત છે.

૧. આ વિષયમાં અયથાર્થતા ઉત્પન્ન થાય ત્યારે કોઈને દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ નિરૂપક સિદ્ધાંતોની મુખ્યતાનો એકાંત વર્તે છે. જે અભેદતા સાધક વચનો પરત્વે ગૌણતા અથવા અનાદર ઉત્પન્ન કરે છે. ત્યાં ભેદોનું જાણપણું મુખ્ય કરીને અધ્યાત્મ દષ્ટિની ગૌણતા થાય છે. તે યથાર્થ નથી.

૨. જ્યારે કોઈ તો, અધ્યાત્મ પ્રધાન (જ્ઞાની-આચાર્યોના) વિધાનોની મુખ્યતા કરે છે. પરંતુ ત્યાં આશયની ગંભીરતાને નહિ ગ્રહણ કરીને (કારણ અધ્યાત્મ તત્ત્વ જ્ઞાનમાં ભાસ્યું નથી.) અભેદતા સાધવાના પ્રયોજન - પુરુષાર્થને પ્રાપ્ત કરતા નથી. પરંતુ કલ્પનાથી દ્રવ્યનું - પદાર્થનું સ્વરૂપ અન્યથા ગ્રહણ કરે છે. જેથી ગૃહીત મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. તે માત્ર અધ્યાત્મ કથનની શૈલીના રાગમાં રાચે છે. પરંતુ અધ્યાત્મભાવમાં પરિણમતા નથી - તે યથાર્થ નથી. કથન શૈલીનો રાગ મુખ્ય થતાં પુદ્ગલ રસ, વિકલ્પનો રસ વધે છે. તેમાં અધ્યાત્મ રસ નથી. પરંતુ અયથાર્થતામાં, અધ્યાત્મ રસ હોવાની ત્યાં ભ્રાંતિ થાય છે. તેમાં દ્રવ્યાનુયોગના સિદ્ધાંત જ્ઞાનથી

વિરુદ્ધ માન્યતા દઢ થઈ જાય છે. છતાં પોતે અધ્યાત્મી હોવાનું માને છે. સિદ્ધાંતજ્ઞાન અને અધ્યાત્મના ભાવ - જ્ઞાન વચ્ચેનું સંતુલન અને અનૈકાંતિક વલણ યથાર્થરૂપે રહેવું તે જ આ માર્ગની સૂક્ષ્મતા છે. (૧૨૫)

❇

પરિપૂર્ણ નિર્દોષતા (મોક્ષ)નું જેને ધ્યેય છે; તેવા સાચા આત્માર્થીને માત્ર નિર્દોષતાનું પ્રયોજન હોવાથી સર્વ પરિણમન આ પ્રયોજનના લક્ષે થાય છે. તેથી પ્રયોજન વિરુદ્ધ એવી અયથાર્થતા થતી નથી. સમજણમાં સર્વ ન્યાયો નિર્દોષતાના પ્રયોજનને લક્ષે સમજવાની પદ્ધતિ હોવાથી, તે જ્ઞાન આગળ વધીને સમ્યક્જ્ઞાનમાં પરિણમે છે. તાત્પર્ય એ કે સમજણ કરવા પાછળ નિર્દોષતાનો એક માત્ર દષ્ટિકોણ હોવો ઘટે છે, નહિ તો માત્ર ઉઘાડ - ક્ષયોપશમની વૃદ્ધિ અર્થે વાંચન - શ્રવણની પ્રવૃત્તિ થાય. તેમાં સાથે અયથાર્થતાની ઉત્પત્તિ થાય છે. તેથી માત્ર શાસ્ત્ર જ્ઞાનના ઉઘાડ પાછળ વ્યામોહ પામવું યોગ્ય નથી. પરંતુ શાસ્ત્ર જ્ઞાન પાછળના દષ્ટિકોણને સમજીને મૂલ્યાંકન કરવું યોગ્ય છે. (૧૨૬)

❇

જાણપણારૂપ જ્ઞાન જાણવારૂપ સદા પ્રવર્તે છે. પરંતુ જ્ઞાન અનુસાર પ્રતીતિ હોય તો આચરણ ઊભું થાય; જ્ઞાનને પ્રતીતિનો સાથ ન મળે તો અર્થાત્ જાણપણાથી પ્રતીતિ વિરુદ્ધ વર્તતી રહે તો જાણપણું કાર્યગત થતું નથી. સ્વભાવના અંતર અભ્યાસમાં, સહજપણે - પ્રગટ જ્ઞાન વેદન દ્વારા સ્વભાવના પ્રત્યક્ષપણાનું - પ્રતીતિના બળથી વારંવાર ઉગ્રતા થતાં, 'હું આવો જ (જ્ઞાનમાત્ર) છું' - સ્વસંવેદનનો આવિર્ભાવ થાય છે. આ પ્રકારે શ્રદ્ધા-જ્ઞાનની મૈત્રી છે; (મોક્ષમાર્ગને વિષે). (૧૨૭)

❇

જ્ઞાનીને દ્રવ્યદષ્ટિ હોવાને લીધે સર્વ જીવો સિદ્ધ સ્વરૂપે જણાય છે. ભલે તેઓ અજ્ઞાન અને પર્યાય દષ્ટિને લીધે પોતાને ગમે તેમ માનતા હોય, પરંતુ જ્ઞાની તો તેમને સિદ્ધપણે જ દેખે છે. તેથી માથાનો વાઢનાર અર્થાત્ તીવ્ર વિરોધ કરનાર પ્રત્યે પણ જ્ઞાનીને વ્યક્તિગત દ્વેષ થતો નથી. પરંતુ તેની વિકારી દોષિત વૃત્તિનો નિષેધ આવે છે, તોપણ દ્રવ્યની મુખ્યતા છૂટીને નિષેધ આવતો નથી. (દ્વેષ મુખ્ય થતો નથી). પરંતુ દ્રવ્યની મુખ્યતા સહિત નિષેધ (દોષભાવનો) કરુણાબુદ્ધિથી આવે છે. - આવા અંતરંગ પરિણામોને જ્ઞાની જ સમજે છે, બીજા સમજી શકતા નથી. (૧૨૮)

❇

ત્રિકાળી નિજ સ્વભાવ, જેવો સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં ગોચર થાય છે, તેવા સ્વરૂપનું ભાન થવું - રહેવું તે પ્રગટ સમ્યક્ દશા છે; જે અપૂર્વ નિજ ચૈતન્ય રસના નિર્વિકલ્પ વેદન સ્વરૂપે છે. - આવું ભાન શુદ્ધોપયોગપૂર્વક ઉત્પન્ન થાય છે. (૧૨૯)

❇

જ્ઞાનમયપણે નિજ અસ્તિત્વનું સહજ વેદન તે (પરથી) ભેદજ્ઞાન છે અને (સ્વથી) અભેદજ્ઞાન છે અથવા આત્મજ્ઞાન છે. જે ભવભ્રમણ રોગનું પરમ (અમોઘ) ઔષધ છે. (૧૩૦)

❇



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી માર્ગદર્શન ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

પ્રશ્ન :- વસ્તુ પકડાતી નથી તો ક્યાં અટકાયત થતી હશે ? શું મહિમા નહિ આવતો હોય ?

ઉત્તર :- એક સમયના પરિણામમાં અહંપણું રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય (આધાર) પકડવો જોઈએ, તેને પકડતો નથી. (૨૨૭)

❇

જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઊલટો છું, જો સૂલટો હોત તો તરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું ? અરે ભાઈ ! ઊલટા-સૂલટાની વાત જ નથી. પરિણામથી છૂટ્યો તો ધ્રુવ પર જ આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે) ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે. (૨૨૯)

❇

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી ? તે રૂપ પરિણમી જવું ! (સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ કાળમાં 'આત્મપ્રત્યક્ષતા'ના અવલંબનથી ઉત્પન્ન પુરુષાર્થનો આ પ્રગટ ચિતાર છે.) (૨૩૨)

❇

'નિરાલંબી તત્ત્વ હું છું' તેની તો પૂરી મુખ્યતા હોવી જોઈએ. અને દીનતાનું (પરાલંબીપણાનું) પૂરેપૂરુ દુઃખ માલૂમ પડવું જોઈએ. (૨૩૬)

❇

સાંભળવાના કાળમાં પણ ''હું નિરાલંબી તત્ત્વ છું'' અહીંથી જ શરૂ કરવું જોઈએ. પછી સાંભળવા કરવાનો ભાવ આવશે, તોપણ મુખ્યતા નહિ રહે. (૨૪૧)

❇

ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો, તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે. (૨૪૮)

❇

(માત્ર) વિચાર કરવાથી વસ્તુનો પત્તો લાગતો નથી (આત્માનો અનુભવ થતો નથી). વસ્તુ તો પ્રત્યક્ષ મોજૂદ છે, બસ તેમાં જ પ્રસરીને બેસી જવું-બિરાજમાન થઈ જવું. (૨૫૪)

❇

પ્રશ્ન :- પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને ?

ઉત્તર :- બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે એકત્વ કેમ છૂટે ? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દૃષ્ટિ જમાવીને પરિણામમાત્રથી એકત્વ ઉઠાવી લેવું. (૨૫૬)




૨૬૯

વવાણિયા, ભાદ્રપદ વદિ ૩, સોમ, ૧૯૪૭

**'ઈશ્વરેચ્છા હશે તો પ્રવૃત્તિ થશે; અને તેને સુખદાયક માની લઈશું, પણ મન મેળાપી સત્સંગ વિના કાળક્ષેપ થવો દુર્લભ છે. મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે; પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ. ફરી ફરી આપની (સૌભાગ્યભાઈની) સ્મૃતિ થાય છે.'**

કૃપાળુદેવને બાહ્ય પ્રવૃત્તિની ચિંતા નથી, તે વચનામૃતનો આશય છે કે જે કાળે જે કાંઈ બાહ્ય પ્રવૃત્તિ જે ક્ષેત્રે જે અન્ય સંયોગો વચ્ચે થવાની હશે તે થશે, તેની ચિંતા વ્યર્થ છે, અને તેની (પ્રવૃત્તિની) ચિંતા કરવામાં એકાંતે નુકસાન જ અથવા આકુળતા જ છે; તેથી જે કાંઈ પ્રવૃત્તિ થશે તે કુદરતના નિયમ પ્રમાણે થવાની હોવાથી, તેવા સમાધાનને કારણે સુખદાયક માની લઈશું. તે સંબંધી કોઈ પૂર્વગૃહીત અપેક્ષા નથી, તો પણ વર્તમાનમાં મનવાંછિત સત્સંગ નથી તેનું અવશ્ય દુઃખ છે. સત્સંગ વગર સમય વ્યતીત થવો દુષ્કર છે. યદ્યપિ મુમુક્ષુને તો મોક્ષ સર્વાધિક પ્રિય હોય છે, તો પણ તેવો મોક્ષ સંતચરણની સમીપતા વિના પ્રાપ્ત થવો અસંભવિત છે; તેથી મોક્ષેચ્છુએ સર્વ પ્રથમ સત્સંગને આરાધવો–તેવા અનુપમ સિદ્ધાંતના અહીં દર્શન થાય છે. તેઓશ્રી પણ સત્સંગના વિયોગમાં કુદરતના ઉક્ત નિયમને આધીન રહી સમાધાન કરી રહ્યા છે. સાથે સાથે સત્સંગ યોગ્ય શ્રી સૌભાગ્યભાઈનું સ્મરણ અનિવાર્યપણે થાય છે તે સત્સંગ પ્રત્યેના પ્રેમની/મહિમાની વૃત્તિનો દ્યોતક છે.

❈

૨૭૭

વવાણિયા, ભાદ્રપદ વદ ૭, ૧૯૪૭

**'ચિત્ત ઉદાસ રહે છે કંઈ ગમતું નથી; અને જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે; તે જ સંભળાય છે. ત્યાં હવે શું કરવું ? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે; કાંઈ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી. ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે.'**

અધ્યાત્મપરિણતિની વિશેષતાને લઈને બહારમાં ચિત્તની ઉદાસીનતા રહે છે, કાંઈ ગમતું નથી. આ હીનકાળમાં બાહ્ય પરિસ્થિતિ પણ અંતરદશાને જરાપણ સુસંગતતાવાળી નથી, અર્થાત્ જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે અને સંભળાય છે. પરિણામે મન ક્યાંય લાગતું નહિ હોવાથી કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકાતી નથી. આવી પડેલા કાર્યો પણ બહુભાગે મુલતવી રાખવા પડે છે. તેમ જ વાંચન, લેખન કે લોકપરિચયમાં જરાપણ રુચિ થતી નથી. વર્તમાનમાં જૈનશાસનના નામે ચાલતા સંપ્રદાયની પરિસ્થિતિની વાત કાને પડતાં અંતરમાં મૃત્યુથી અધિક આઘાત લાગે છે કારણ કે ધાર્મિક સમાજ મૂળ માર્ગથી અત્યંત વિમુખ વર્તે છે. (પ્રાયે ગૃહીત મિથ્યાત્વનું પોષણ થાય તેવી સંપ્રદાયની સ્થિતિ છે.) આ પત્રમાં ધર્માત્માનું બાહ્યાંશ પરિણમન કેવા પ્રકારનું હોય તે દર્શનીય છે. યથાસ્થાને જ્ઞાનીપુરુષને આવા પ્રશસ્ત પરિણામ સહજ હોય છે, તેમ સમજવા યોગ્ય છે.

❈